પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૮૬ | ૨૭ ડિસેમ્બર, ૨૦૧૮, ગુરૂવાર; માગશર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ત્રાસવાદી નેટવર્કનો પર્દાફાશ

દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં એનઆઈએ-એટીએસનું સફળ ઓપરેશન : ૧૦ જબ્બે : વિસ્ફોટક કબજે : રોકેટ લોન્ચર, ૧૨ પિસ્તોલ, એલાર્મ ક્લોક, ૧૦૦થી વધુ મોબાઇલો, ૧૩૫ સિમકાર્ડ, લેપટોપ કબજે : મૌલવીથી લઇને એન્જિનિયરોનું ખતરનાક નેટવર્ક

નવીદિલ્હી, તા. ૨૬ નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી અને એટીએસની ટીમે આજે આક્રમક કાર્યવાહી હાથ ધરી ધરપકડ કરવામાં આવેલાઓમાં મૌલવીથી લઈને સિવિલ એન્જિનિયર સુધીના ખતરનાક શખ્સોનો સમાવેશ થાય છે. આત્મઘાતી હુમલાની ઘાતક યોજના તૈયાર કરવામાં આવી રહી હતી. એનઆઈએ દ્વારા ૧૦ આતંકવાદીઓની ધરપકડ કરી છે. ૧૦૦ મોબાઈલ ફોન, ૧૩૫ સિમકાર્ડ અને લેપટોપ કબજે કરવામાં આવ્યા છે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ વ્યાપક દરોડા અને તપાસ બાદ આઈએસઆઈએસ પ્રાયોજિત આતંકવાદી માળખાનો પર્દાફાશ કર્યો હતો. એનઆઈએ દ્વારા આજે સવારથી જ ઉત્તરપ્રદેશ અને

● અનુસંધાન પાન-૭ પર

કુખ્યાત ત્રાસવાદી માળખામાં માસ્ટર માઈન્ડ મુફ્તી સોહેલ

નવીદિલ્હી, તા. ૨૬

ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં એનઆઈએ અને ઉત્તરપ્રદેશ એટીએસ દ્વારા આજે સફળ કાર્યવાહી કરવામાં આવી હતી જેના ભાગરુપે આતંકવાદી નેટવર્કનો પર્દાફશ થયો છે. ત્રાસવાદીઓના ઓપરેશનને ઓપરેશન બરબાદી કનેક્શન નામ આપવામાં આવ્યું હતું. આ ઓપરેશન ખુબ જ ગુપ્તરીતે હાથ ધરવામાં આવ્યું હતું. એનઆઈએ અને એટીએસની ટીમે આતંકવાદી ગતિવિધિઓની માહિતી મળ્યા બાદ અમરોહાના નૌગામા સાદાત પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના સૈદપુર ઈમ્મા સહિત અનેક જગ્યાઓએ દરોડા પાડ્યા હતા. પકડી પાડવામાં આવેલા આતંકવાદીઓ આઈએસના નવા મોડ્યુલ હરકત ઉલ હર્બ ઈસ્લામ મારફતે કામ કરી રહ્યા હતા. આ સમગ્ર કાવતરાની પાછળ માસ્ટરમાઈન્ડ તરીકે મુફ્તી સોહેલ રહેલો છે. મુખ્ય આરોપી મુફ્તી સોહેલ મુખ્યરીતે અમરોહાનો નિવાસી છે. એનઆઈએની તપાસ બાદ સ્પષ્ટ થઇ ગયું છે કે, દિલ્હીમાં રહીને મફ્તી સોહેલ દેશને હચમચાવી મુકવા માટેની યોજના તૈયાર કરી રહ્યો હતો. બે મહિના પહેલા મોતના અડ્ડા તરીકે દિલ્હીને બનાવી દેવા માટે અમરોહાની પસંદગી કરવામાં આવી હતી. પોતાના ઓપરેશન બરબાદીને અમરોહાથી ઓપરેટ કરવાની યોજના તૈયાર કરાઈ હતી. આકાઓના ઈશારે આ સમગ્ર પ્રક્રિયા ચાલી રહી હતી. ૧૪ દિવસ પહેલાથી જ કાર્યવાહી શરૂ થઈ હતી. એનઆઈએ અને એટીએસે આજે સવારે પશ્ચિમ ઉત્તરપ્રદેશના અનેક શહેરોમાં કાર્યવાહી હાથ ધરી હતી. અમરોહાના મોહલ્લા મુલ્લાનામાં કાર્યવાહી દરમિયાન સોહેલ પુત્ર હાજી ઝડપાઈ ગયો હતો. તેના અન્ય સગાસંબંધીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. મુફ્તી સોહેલના પરિવારના લોકો થોડાક સમય પહેલા દિલ્હીના જાફરાબાદમાં આવી ગયા હતા. સોહેલને મદરેસા જામા મસ્જિદ અમરોહા અને દેવબંધમાં અભ્યાસ કર્યો હતો.

બિનભાજપ અને બિનકોંગ્રેસ ગઠબંધનના સક્રિય પ્રયાસો

અખિલેશે ભાજપ અને કોંગ્રેસને થેંક્સ કહ્યું : ચંદ્રશેખર રાવ દ્વારા હાથ ધરાયેલા પ્રયાસોને ખુલ્લો ટેકો

નવી દિલ્હી, તા. ૨૬

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે આજે તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવના ક્ષેત્રિય પક્ષોની સાથે એક મોરચો બનાવવાના વલણને ટેકો આપ્યો છે. અખિલેશ યાદવે કહ્યું છે કે, તેઓ પોતે ચંદ્રશેખર રાવને મળવા માટે હૈદરાબાદ જશે. બીજી બાજુ મધ્યપ્રદેશમાં પોતાના ધારાસભ્યને મંત્રી ન બનાવવાને લઈને અખિલેશ યાદવ નારાજ પણ દેખાયા હતા. કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા અખિલેશ યાદવે કહ્યું હતું કે, તેઓએ સમાજવાદીઓનો રસ્તો સાફ કરી દીધો છે. ભાજપનો પણ તેઓ આભાર માનવા માંગે છે. કારણ કે, ભાજપના લોકોએ સમાજવાદીઓને પછાત સમજ્યા છે. અખિલેશે કહ્યું હતું કે, દેશમાં મહાગઠબંધન થાય તેને લઈને વ્યાપક પ્રયાસો થઈ રહ્યા છે. આને લઈને તેઓ ટેકો આપે છે. તેલંગાણાના મુખ્યમંત્રીના પ્રયાસોને તેઓ ટેકો આપે છે. રાવને મળવા માટે તેઓ હૈદરાબાદ જશે. રાવના પ્રયાસ છે કે, ક્ષેત્રિય પક્ષોને સાથે રાખીને એક મંચ બનાવવામાં આવે જેથી તેઓ આમા જવા ઈચ્છુક છે. ભાજપે જાતિ અને ધર્મના આધાર પર મત માંગ્યા છે. જ્યારે કોંગ્રેસ પાર્ટીએ પણ વિભાજનની રણનીતિ અપનાવી છે. વિધાનસભા ચૂંટણીથી પહેલા સમાજવાદીઓને ભાજપે પછાત તરીકે ગણ્યા છે અને તેમનો તેઓ આભાર માનવા માંગે છે. કોંગ્રેસીઓનો પણ આભાર માનવા માંગે છે. મધ્યપ્રદેશમાં અમારા ધારાસભ્યોને મંત્રી બનાવવામાં આવ્યા નથી.

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

રીકી પોન્ટીંગ 'હોલ ઓફ ફેમ'થી સન્માનિત

ઓસ્ટ્રેલીયાના પૂર્વ કપ્તાન રીકી પોન્ટીંગ આઈસીસી ક્રિકેટ હોલ ઓફ ફેમ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા છે. પોન્ટીંગે ૨૦૧૨માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ લીધી હતી. ૪૪ વર્ષિય ક્રિકેટર ૧૬૮ ટેસ્ટ મેચ, ૩૭૫ વનડે અને ૧૭ ટી ટ્વેન્ટીમાં સરાહનીય દેખાવ કર્યો છે.

ગોલ્ફર જ્યોતિ રંધાવા શિકાર કરતા ઝડપાયા

જાણીતા ગોલ્ફર જ્યોતિસિંહ રંધાવા બહરાઈચના કતર્નિયાઘાટ સંરક્ષિત વનક્ષેત્રમાં શિકાર કરતા ઝડપાયા છે. વનવિભાગની ટીમે તેમના પર કેસ દાખલ કરી તેમને જેલ હવાલે મોકલી આપ્યા છે.

કુંભમેળાનો પ્રારંભ

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં કુંભમેળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. જૂના અખાડાની શાહી પેશવાઈ સાથે કુંભમેળાનો ઔપચારિક પ્રારંભ થયો.

એરપોર્ટ પર સ્થાનિક ભાષાઓમાં ઉદ્ઘોષણા થશે

દેશના બધા જ હવાઈમથકો પર હિન્દી અને અંગ્રેજીમાં ઉદ્ઘોષણા થાય તે પહેલા સ્થાનિક ભાષાઓમાં પણ ઉદ્ઘોષણા કરવામાં આવશે.

લોકસભા ચૂંટણીના પગલે ભાજપે ૧૭ રાજ્યોમાં પ્રભારી નિમ્યા

લોકસભા ચૂંટણીને લઇને આક્રમક તૈયારીઓ શરૂ : ગુજરાતના પ્રભારી તરીકે ઓમ માથુરની નિમણુંક : જ્યારે ગુજરાતના ગોરધન ઝડફીયા ઉત્તર પ્રદેશના પ્રભારી તરીકે નિમાયા

નવી દિલ્હી, તા. ૨૬

લોકસભા ચૂંટણી આડે પાંચ મહિનાથી પણ ઓછો સમય રહ્યો છે ત્યારે ભાજપે પણ આક્રમક તૈયારી સાથે કમરકસી લીધી છે. આના ભાગરુપે જ ભાજપે ૧૭ રાજ્યોમાં પ્રભારીની નિમણૂંક કરી લીધી છે. પાર્ટીઓએ તમામ રીતે આક્રમક તૈયારી કરી છે. ૧૭ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશના પ્રભારીની નિમણૂંક કરી દેવામાં આવી છે. આ નિમણૂંકને તાત્કાલિક ધોરણે અમલી કરવામાં આવી ચુકી છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિ અરુણ સિંહનું નામથી જારી કરવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, તમામ પ્રભારીઓની નિમણૂંક લોકસભા ચૂંટણી પ્રભારી, સહપ્રભારીના હોદ્દા ઉપર થઈ છે જેમાં એ ત્રણ રાજ્યો પણ સામેલ છે જ્યાં હાલમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ ચુકી છે. ભાજપે મધ્યપ્રદેશમાં સ્વતંત્રદેવસિંહ અને સતીષ ઉપાધ્યાય, રાજસ્થાનમાં પ્રકાશ જાવડેકર અને સુધાંશુ ત્રિવેદી અને છત્તીસગઢમાં અનિલ જૈનને પ્રભારી બનાવવામાં આવ્યા છે. આ ત્રણ રાજ્યો ઉપરાંત આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, ગુજરાત, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, મણિપુર, નાગાલેન્ડ,

● અનુસંધાન પાન-૭ પર

બેંક હડતાળથી બેંકિંગ સેવા ખોરવાઈ

૧૦ લાખથી વધુ બેંક કર્મચારીઓ હડતાળ પર : બેંકોના મર્જર અને પગાર વધારા સહિત જુદા જુદી માંગણી સાથે હડતાળ : ચેક ક્લિયરન્સ, ડિપોઝિટ વિડ્રોઅલ ઠપ્પ

નવી દિલ્હી,તા. ૨૬

જાહેર ક્ષેત્રની બેંકોમાં આજે કામગીરી ખોરવાઈ ગઈ હતી. કારણ કે વિજયા બેંક, દેના બેંક અને બેંક ઓફ બરોડાના સુચિત મર્જરને લઈને આજે સરકારી બેંક કર્મચારીઓ હડતાળ પર ઉતરી ગયા હતા. કેટલાક ખાનગી ક્ષેત્રના બેંકિંગ કર્મચારીઓએ પણ હડતાળને ટેકો આપ્યો હતો. યુનિયન દ્વારા હડતાળની હાકલ કરવામાં આવ્યા બાદ આ હડતાળ પડી હતી. એક સપ્તાહની અંદર બીજી વખત સરકારી બેંક કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા હતા. ૧૦ લાખ કર્મચારીઓની હડતાળના કારણે સેવાને પ્રતિકુળ અસર થઈ હતી. બેંક અધિકારીઓની યુનિયને સુચિત મર્જરની સામે તેમજ વેતન સુધારાની માંગ સાથે હડતાળ પાડવામાં આવી હતી. ગયા શુક્રવારના દિવસે પણ એટલે કે ૨૧મી ડિસેમ્બરના દિવસે પણ હડતાળ પાડવામાં આવી હતી. સરકારી બેંકોએ એકબાજુ હડતાળ પાડી હતી. જ્યારે બીજી બાજુ ખાનગી બેંકોમાં કામકાજ યથાવત રીતે જારી રહ્યુ હતુ. મોટા ભાગની બેંકોએ ગ્રાહકોને હડતાળ અંગે પહેલાથી જ માહિતી આપી દીધી હતી. ખાનગી ક્ષેત્રની બેંકોમાં કામગીરી સામાન્ય રીતે ચાલી હતી. ૧૦ લાખ કર્મચારી આજે હડતાળ પર ઉતરી ગયા હતા. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયને હડતાળની હાકલ કરી હતી. તેના મહાસચિવ સીએચ વેંકટચલમે કહ્યુ છે કે વિવાદને ઉકેલી દેવા માટે બેઠક બોલાવવામાં આવી હતી. પરંતુ તેમાં વિવાદનો ઉકેલ આવી શકાયો ન હતો. જેથી તમામ યુનિયને હડતાળ પર જવાનો નિર્ણય કર્યો હતો. મર્જરને લઈ પગલા લેવામાં આવશે નહીં તેવી ખાતરી કોઈએ આપી નથી.

● અનુસંધાન પાન-૭ પર

અફઘાનમાંથી યુએસ સેના હટશે

પૂના,તા.૨૬

કાશ્મીર મુદ્દાના ઉકેલ માટે 'સ્પષ્ટ રણનીતિ' અપનાવવી જોઈએ તેમ જણાવતાં જમ્મુ-કાશ્મીરના પૂર્વ ડીજીપી કે.રાજેન્દ્રકુમારે ઉમેર્યું છે કે અફઘાનિસ્તાનમાંથી અમેરિકા પોતાના ૭૦૦૦ સૈનિકોને પરત સ્વદેશ બોલાવવાનું વિચારી રહ્યું છે.